અપીલ અરજી નં.૩૧૨ તા .૩૦–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અનવરહુશેન ગુલામ મુસ્તુફા શેખ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનવરહુશેન ગુલામ મુસ્તુફા શેખની તા. ૧૨–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) તા.૨૮–૭–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેરને આપેલી અરજી પર થયેલી કાર્યવાહીની વિગતો આપવા બાબત. મુદ્દા નં.(૨) વોર્ડ નં.૩, નોંધ નં. ૧૬૦૬નો મંજુર પ્લાનની લેમીનેટેડ કોપી સાઈટ પર કયાં લગાડેલી છે તેની વિગત આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૨/૨૦૧૧–૧૨

શ્રી અનવરહુશેન ગુલામ મુસ્તુફા શેખની તા. ૧૨–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) તા.૨૮–૭–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેરને આપેલી અરજી પર થયેલી કાર્યવાહીની વિગતો આપવા બાબત. મુદ્દા નં.(૨) વોર્ડ નં.૩, નોંધ નં. ૧૬૦૬ નો મંજુર પ્લાનની લેમીનેટેડ કોપી સાઈટ પર કયાં લગાડેલી છે તેની વિગત આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૯૩૮ તા. ૫–૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત હેઠળની મિલ્કત અંગે બાંધકામ રજીસ્ટર અધિકારીની સ્થળ મુલાકાત અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૯૧૧ તા.૧૧–૧૦–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીથી ફી ભર્યાની વિગત સહ માંગેલ માહિતીની વિગતો મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૦–૧૦–૧૧ ના રોજ પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારની તા.૨૮–૭–૧૧ ની અરજી, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ /આ.નં.૯૩૮ તા.૫–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૨–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૯૩૮ તા.૫–૯–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૨ અંગેવોર્ડ નં.૩, નોંધ નં. ૧૬૦૬ ની મિલ્કતની મંજુર પ્લાનની લેમીનેટેડ કોપી સાઈટ પર કયાં લગાડેલી છે તેની વિગત સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૨ અંગે દફતરી ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૩૦–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે આપેલી માહિતીની નકલ રજૂ કરેલ છે તેમજ અપીલમાં તા.૨૮–૭–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેરને આપેલી અરજી પર થયેલી કાર્યવાહીની વિગતો આપવા બાબત જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ ની માહિતી બાબતે મિલ્કત અંગે બાંધકામ રજીસ્ટર કે અધિકારીની સ્થળ મુલાકાત અંગેની દફતરી હકીકત તથા મુદ્દા નં.૧ અંગે તા.૨૮–૭–૧૧ ના રોજ કરેલી અરજી અંગેની કાર્યવાહી બાબતેની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ધ્વારા નહીં પૂરી પડાયેલી ફરીયાદની હકીકતમાં જણાવેલ અરજદારની તા.૨૮–૭–૧૧ ની અરજી પર થયેલ – નહીં થયેલ કાર્યવાહીની વિગતોની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર જાહેર માહિતી અધિકારીના ૫–૯–૧૧ થી આપેલ પ્રત્યુત્તર અંગે જાહેર માહિતી અધિકારીના નિયંત્રણ હેઠળના નિર્દિષ્ટ વિસ્તારના બાંધકામ રજીસ્ટરની તપાસણી જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત તપાસણી ફી ભરી તપાસણી કરી ખરાઈ કરવા સ્વતંત્ર છે. અરજદારને તેવી માંગણી થયે હુકમની અમલવારી કરી તેની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અનવરહુશેન ગુલામ મુસ્તુફા શેખ,